**647510** **BA0GujCC622B** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
# Oct/Nov-2020
# GUJARATI: P22 GUJARATI VYAKRAN, SARJAN LEKHAN KAUSHAL – 6 (CORE - 22)

**Time: 2:00 Hours** **Marks: 56**

**Instructions:**
1. Figures to the right indicate marks.
2. There are five questions in the question paper.
3. Answer any four of the following questions.

---

પ્રશ્ન.૧ નીચેનામાંથી કોઇપણ એક કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા......
મારી વે’લ શણગારો ! વીરા, શગને સંકોરો,
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા......

પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યા અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ,
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સુરજ આથમ્યા......

મને રોકે પંછાયો એક ચોકમાં,
અડધા બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરેથી ઝાલ્યો,
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા......

- રાવજી પટેલ

અથવા

પકડો કલમને કોઈ પળે એમ પણ બને
આ હાથ આખેઆખો બળે એમ પણ બને.

જયાં પહોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં
મન પહોંચતા જ પાછું વળે એમ પણ બને.

એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા?
એક પગ બીજા પગને છળે એમ પણ બને.

જે શોધવામાં જિંદગી આખી પસાર થાય
ને એ જ હોય પગની તળે એમ પણ બને.

તુ ઢાળ ઢોલિયો, હું ગઝલનો દીવો કરું,
અંધારું ઘરને ઘેરી વળે એમ પણ બને.

- મનોજ ખંડેરિયા

પ્રશ્ન.૨ નીચેનામાંથી કોઇપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"કેળવણી કહે છે કે હું સત્તાની દાસી નથી. કાયદાની કિંકરી નથી. વિજ્ઞાનની સખી નથી. કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઈતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારા ફેંફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા મારું ચૈતન્ય છે. મનુષ્યના હૃદય, બુદ્ધિ તેમ જ તમામ ઈન્દ્રિયોની હું સ્વામિની છું. હું જગદંબા છું, જગધાત્રી છું, મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશિયાળો નહિ રહે. એની સર્વ કામના મારી મારફતે પરિપૂર્ણ થઈ શકે એમ છે."

- કાકાસાહેબ કાલેલકર

અથવા

"જીવનમાં સુખદુ:ખનું સ્થાન સુદ અને વદ જેવું, પૂનમ અને અમાસ જેવું તથા દિવસ અને રાત જેવું છે. એક જ કિનારીવાળી નદી ન હોઈ શકે, એક જ પડની ઘંટી ન હોઈ શકે અને એક જ બાજુવાળો સિક્કો ન હોઈ શકે. રાતના અસ્તિતત્વ વગર દિવસનું અસ્તિત્વ અસંભવ છે. સુખ અને દુ:ખ સમયનાં જોડિયાં સંતાનો છે. ગીતા એમને દ્વન્દ્વ કહે છે. ભક્ત તે જે દ્વન્દ્વાતીત છે. એક માણસ પાસે ઘર નથી તેથી દુ:ખી છે. બીજો માણસ ઘર છે. પણ તબિયત નરમ રહે તેથી દુ:ખી છે. ત્રીજો માણસ પોતાના ઘરમાં એરકન્ડિશનર છે પણ બગડી ગયું છે તેથી દુ:ખી છે. ચોથો માણસ એરકન્ડિશનરએરકન્ડિશનર છે પરંતુ વિદ્યુતપ્રવાહ કપાઇ ગયો છે તેથી દુ:ખી છે અને પાંચમો માણસ એરકન્ડિશન્ડ ઓરડામાં પણ ઉંઘ નથી આવતી તેથી દુ:ખી છે. તે ઘર વગરના માણસને ઝાડ નીચે ઊંઘતો જુએ છે અને એની અદેખાઈ કરે છે. ટૂંકમાં, આપણા દુ:ખને આપણા મનનો રંગ લાગી જાય છે. સુખદુ:ખના મૂળમાં મન રહેલું છે."

- ગુણવંત શાહ

પ્રશ્ન.3 નીચેનામાંથી કોઇપણ એક નિબંધ લખો. (૧૪)

1. સાહિત્ય અને જીવનમૂલ્યો.
2. આધુનિક વિશ્વનો પ્રાણપ્રશ્ન: આતંકવાદ.
3. રાષ્ટ્રની સાંપ્રત પરિસ્થિતમાં યુવાનોનું યોગદાન.
4. પ્રવાસ: જીવનની પાઠશાળા.

પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈપણ બે પંક્તિનો વિચાર-વિસ્તાર કરો. (૧૪)

1. ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે,<br>મત્સ્યભોગી બગલો મુકતાફળ દેખી ચંચુ ના ભરે.
2. ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;<br>ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.
3. મન, મોતી ને કાચ, એકવાર જો તૂટયાં બસ તૂટયાં

પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઇપણ એક અહેવાલનું આલેખન કરો. (૧૪)

1. તમારી કોલેજમાં યોજાયેલ કવિ સંમેલનનો અહેવાલ આપો.
2. ગાંધી જયંતીની ઉજવણી પ્રસંગનો અહેવાલ તમારા શબ્દમાં લખો.

અથવા

પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઇપણ એક અરજી લખો.

1. વિદેશ જવા માટે પાસપોર્ટ માટે અરજી કરો.
2. યુનિવર્સિટીમાં કર્લાકની જગ્યા માટે અરજી કરો.

**********************************